# મોદી પહેલા ગુજરાતના યજમાન હતા, હવે મહેમાન બની ચૂક્યા છે

## માગો એ મળશે : ગુજરાતને કેન્દ્રનો સપોર્ટ, નર્મદા પછી પ્રવાસી દિન

કચ્છની ભૂમિ ઉપર સફેદ રણનું શૂટીગ કર્યુ ત્યારે ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચનનો એક ડાયલોગ મશહૂર બન્યો હતો. અમિતાભની પ્રત્યેક એડ ફિલ્મમાં

**વધેલી ઉંમર ઘટતી નથી તેમ વધેલી મોંઘવારી ઘટી શકતી નથી**

આ ડાયલોગ ઉમેરાયો છે. અમિતાભ એડ ફિલ્મના અંતે કહે છે - કુછ દિન તો ગુજારીયે ગુજરાત મેં.. આ ડાયલોગ હવે કોને લાગુ પડે છે ખબર છે..?.. આપણા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીને... ગુજરાતની જનતા અને ગુજરાત સરકાર કહી રહી છે કે સાહેબ, કુછ દિન તો ગુજારીએ ગુજરાત

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

યોજનાઓમાં લાગી ચૂક્યા છે. ૧૫૭ કરોડના ખર્ચે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનના આ અભિયાનને સફળતા મળી રહી છે પરંતુ ખર્ચેલા આટલા રૂપિયા

**વણઝારા જેલમાં નિવૃત્ત થશે, ચીફ સેક્રેટરી બજેટ સત્રના અંતિમ દિને**

ક્યારે રિકવર થશે તેનો કોઈ અંદાજ મળી શકતો નથી. કચ્છનું સફેદ રણ હોય કે સાસણ ગીરના સિંહો, નળસરોવર હોય કે રાજયની સ્થાપત્યકલા.. પ્રવાસીઓની સંખ્યામાં વધારો ચોક્કસ થયો છે પણ જોઈએ એટલું વળતર હજી મળી શક્યું નથી. હવે ટુરિઝમ કોર્પોરેશન તેની મિલકતોની નિભાવણી





મેં... ગુજરાત માટે મોદી હવે મોંઘેરા મહેમાન બની ચૂક્યા છે, જો કે ગુજરાત સરકારના કોઈ -ધાન કે ઓફિસર નવી દિલ્હી જાય અને મોદીને મળવાની ઈચ્છા વ્યક્ત કરે તો મોદી તેમને ચોક્કસ મળે છે... સચિવાલયમાં એક અધિકારીએ કહ્યું હતું કે મોદી પહેલા યજમાન હતા અને હવે મહેમાન બન્યા છે...

ગુજરાતમાં ખુશ્બુ ગુજરાત કી.. મહેકાવીને બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચન બીજી

અને વિકાસમાં પ્રાઈવેટ પાર્ટનર શોધી રહ્યું છે અને અમિતાભ બચ્ચન મહારાષ્ટ્ર હોર્ટીકલ્ચરની મદદે છે...

**ઓફિસરોમાં વય નિવૃત્તિની સંખ્યામાં ઘટાડો...**

ગુજરાતના વહીવટી તંત્રમાં હવે નિવૃત્તિની સાયકલ ઉપર બ્રેક લાગી છે. સિનિયર મોસ્ટ ઓફિસરોની વયનિવૃત્તિમાં ઘટાડો થયો છે. ૨૦૧૪માં વર્ષમાં હવે માત્ર પાંચ ઓફિસરો વય નિવૃત્ત

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં GPSCની પરીક્ષાનો ઉત્સાહ

## કોચિંગ સંસ્થાઓમાં પ્રવેશ માટે ધસારો અને વાંચનાલયો છલકાયા

ગાંધીનગર, તા.૨૨

વિશ્વ ભરમાં હાલ લોકો પર ફિફા-ફૂટબોલ વર્લ્ડ કપનો ફિવર છવાઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર સહિત રાજયભરમાં GPSC ની સ્પર્ધાત્મક પરીક્ષાને લઈ ઉમેદવારોમાં પણ પરીક્ષાનો ફીવર દેખાઈ રહ્યો છે. કર્મચારીનગર તરીકે જાણીતા ગાંધીનગરમાં હાલ પરીક્ષાની તૈયારી કરતા રાજયભરનાં ઉમેદવારો તાલીમ માટે ઉમટી રહ્યા છે. જેને લઈ ગાંધીનગરના કલાસીસમાં પણ તાલીમાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ગાંધીનગરની વિવિધ તાલીમ સંસ્થાના સંચાલકો પણ પોતાની સંસ્થા તરફ વિદ્યાર્થીઓને આકર્ષવા અવનવી સ્કીમ આપી રહ્યા છે.

ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૬ પછી ૧૦ વર્ષના લાંબા સમયગાળા બાદ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ચાલુ વર્ષે રાજયમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની સીધી ભરતી માટેની પરીક્ષા પ્રક્રિયાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ત્રણ તબક્કામાં યોજાનાર ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા પ્રિલિમ પરીક્ષાને લઈ વિદ્યાર્થી ઉમેદવારો ભારે ઉત્સુક જણાઈ રહ્યા છે. તો બીજી તરફ અઘરી ગણાતી ઁજીઝ ની પરીક્ષાની પ્રિલિમની તૈયારીઓ માટે યોગ્ય કોચિંગ સંસ્થામાં જોડાવવા ભારે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

કર્મચારી નગર તરીકે જાણીતું ગાંધીનગર શહેર સમગ્ર ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેનું કોચિંગ હબ ગણવામાં આવે છે. જીપીએસસીની પરીક્ષાની પૂર્વતૈયારીને લઈ ગુજરાતના અનેક જિલ્લામાંથી વિદ્યાર્થીઓ-તાલીમાર્થીઓ કોચિંગ લેવા હાલ ગાંધીનગરમાં ઉમટી રહ્યા છે. અંદાજે ત્રણ ડઝનથી વધુ કોચિંગ સંસ્થાઓમાં બસો-બસોથી વધુ વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે જયારે તાલીમાર્થીઓને આકર્ષવા તાલીમ સંસ્થાઓના સંચાલકો પણ અલગ અલગ સ્કીમો આપી વિદ્યાર્થી તાલીમાર્થીઓને આકર્ષવા પ્રયત્નો કરી રહ્યા છે.

રાજયના અનેક શહેરોમાંથી તાલીમ માટે આવતા વિદ્યાર્થી દિવસ દરમિયાનની બે કલાકની કોચિંગ બાદ વાંચન માટે શહેરની લાઈબ્રેરીમાં ઉમટી રહ્યા છે. પરિણામે લાઈબ્રેરીની અંદર અને બહાર આસપાસમાં વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. પરીક્ષા ફોર્મ ભરવા બુક સ્ટોલ પર અને કલેકટર કચેરીમાં નોન ક્રિમિલેયરનું પ્રમાણપત્ર મેળવવા પણ લાંબી લાંબી કતારો વિદ્યાર્થીઓની જોવા મળી રહી છે. દૂર દૂરથી ગાંધીનગરમાં પરીક્ષાની તૈયારી માટે આવતા વિદ્યાર્થીઓ મકાન કે એકાદ રૂમ ભાડે રાખીને રહે છે ત્યારે હવે

● અનુસંધાન પાન-૭ પર



# ડુપ્લીકેટ એક્સ-રે મશીન પધરાવી સે.૭ના રેડિયોલોજીસ્ટ સાથે ૨.૭૦ લાખની છેતરપીંડી

## અમદાવાદના શખ્સ પાસે મશીન મંગાવ્યા હતા : પેમેન્ટ થઈ ગયા બાદ ખ્યાલ આવ્યો કે મશીનો ડુપ્લીકેટ હતા

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ માં રહેતા અને સેક્ટર-૭ માં દવાખાનું ધરાવતા રેડીયોલોજીસ્ટ ડોક્ટરે મંગાવેલા એક્સ-રે મશીનો અમદાવાદના શખ્સે ડુપ્લીકેટ મોકલી દઈ રૂ.૨.૭૦ લાખ ની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ એ પ્લોટ નં.૪૨૪/૨ ખાતે રહેતા અને સેક્ટર-૭ બી માં દવાખાનું ચલાવતા રેડિયોલોજીસ્ટ ડૉ. ચક્ષુ ભગવાનભાઈ પટેલને તેમના કલીનીકમાં એક્સ-રે મશીન ઈન્સ્ટોલ કરાવવાનું હોવાથી તેમણે અમદાવાદ ખાતે સ્થિત હાઈકોર્ટ પાછળ સૂર્યોદય બંગ્લોઝમાં રહેતા ગુંજન બીપીનભાઈ પટેલનો સંપર્ક સાંધ્યો હતો. ગુંજન પાસે મશીન ઈન્સ્ટોલ કરાવવાની ડીલ થઈ ગયા બાદ પેમેન્ટ પણ કરી દેવામાં આવ્યું હતું. ગુંજને મશીન ડુપ્લીકેટ મોકલી દીધા હોવાનું રેડિયોલોજીસ્ટના ધ્યાને આવતા તેમણે પોલીસનો સંપર્ક સાંધ્યો હતો. રૂ.૨.૭૦ લાખની છેતરપિંડી થયા અંગે ફરિયાદ આપતા સે-૭ પોલીસે ગુંજન સામે ગુનો દાખલ કરી ગુનાની ડી તપાસ શરુ કરી છે.

# ગામોમાં હવાડાના કદ મોટા કરવા કાર્યયોજના તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગામોમાં ટેન્કરોથી પાણી ઠાલવવામાં આવે છે તેની સંખ્યા ઘટાડવા માટે રાજ્ય સરકારે ગામોમાં આવેલા હવાડા મોટા બનાવવાની સક્રિય વિચારણા હાથ ધરી છે.

પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગામોમાં આવેલા હવાડાઓના કદ અંગેની સમીક્ષા એક બેઠકમાં કરવામાં આવી હતી. જેમાં એવું ધ્યાન પર આવવા પામ્યું હતું કે કેટલાક ગામોમાં આવેલા હવાડાના કદ નાના છે જેના કારણે તેમાં વધુ

● અનુસંધાન પાન-૭ પર

# રૂઆબદાર સરકારી અધિકારીની નોકરી માટે યુવાનોમાં ભારે સ્પર્ધા

## લગભગ છ થી સાત લાખ યુવાનો પ્રિલિમ પરીક્ષા આપશે : યુવાનો તનતોડ મહેનત કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૨

જીપીએસસી દ્વારા આઠ વર્ષના લાંબા ગાળા બાદ બહાર પડાયેલી ક્લાસ વન-ટુ ની પરીક્ષા આપવા માટે યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હજુ તો ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦મી જૂન છે. તે પહેલા અત્યાર સુધી રાજયના ત્રણ લાખ યુવાનોએ ઉચ્ચ સરકારી અધિકારીની મોભાદાર નોકરી મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરી દીધા છે. એક અંદાજ મુજબ છેલ્લી તારીખ સુધી લગભગ છ થી સાત લાખ યુવાનો ફોર્મ ભરશે.

ગુજરાતના લાખો યુવાનો જે ભરતી પરીક્ષાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે જીપીએસસી વર્ગ-૧-૨ ની પરીક્ષાની જાહેરાત થોડાક સમય પહેલા જ બહાર પડી છે. જીપીએસસીએ આઠ વર્ષના લાંબા ગાળા બાદ આ પરીક્ષાની જાહેરાત આપતા યુવાનોમાં ખુબ ઉત્સાહ છે. મોભાદાર ગણાતી ક્લાસ-૧-૨ ની સરકારી નોકરી મેળવવા માટે યુવાનો ખુબ મહેનત કરી રહ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગે પ્રિલિમ પરીક્ષાનો અભ્યાસક્રમ નક્કી કરીને વેબસાઈટ પર મુકી દીધો છે. ઓક્ટોબર માસમાં લેવાનારી પ્રિલિમ પરીક્ષામાં ગુજરાતી, અંગ્રેજી, ગણિત, રીઝનીંગ અને સામાન્ય જ્ઞાન જેવા પાંચ વિષયોની કુલ પાંચસો માર્કસની પરીક્ષા લેવાશે જેનું પરીણામ મોટાભાગે ત્રણ માસની અંદર આવી જશે. તે પછી મુખ્ય પરીક્ષા લેવાશે અને છેલ્લા તબક્કામાં ઈન્ટરવ્યુ લેવાશે. ઘણા વર્ષો બાદ પરીક્ષા આવી હોવાથી મહત્તમ વય મર્યાદા વધારવામાં આવી છે. જેના કારણે ઘણા યુવાનો આ પરીક્ષા આપવા તત્પર બન્યા છે. સરકારી કે ખાનગી નોકરીમાં જોડાયેલા કે ઉચ્ચ અભ્યાસ કરતા યુવાનો હાલમાં બધી જ પ્રવૃત્તિને બાજુ પર ધકેલીને માત્ર જીપીએસસીની પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે.

# નવા નરોડા અને નિકોલ વિસ્તારમાંથી સચિવાલયની બસ શરૂ કરવા માંગ

ગાંધીનગર, તા.૨૨

સરકારી કર્મચારીઓ માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તારમાંથી પોઈન્ટની બસોની સુવિધા આપવામાં આવી રહી છે. અમદાવાદનો વિકાસ થવાથી ઘણા ખરા કર્મચારીઓ નવા વિસ્તારમાં સ્થળાંતરી કરી રહેવા ગયા છે. નવા વિસ્તારના કર્મચારીઓ માટે પોઈન્ટની બસોના રૂટમાં ફેરફાર કરી સુવિધા આપવા માટે ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન દ્વારા માગણી કરવામાં આવી છે.

**વર્ષો જુના રૂટમાં ફેરફાર કરી અમદાવાદના નવા વિસ્તારમાં રહેતા કર્મચારીને લાભ આપો**

ગાંધીનગર રાજયનું પાટનગર હોવાથી મોટા ભાગની સરકારી કચેરીઓ અહીંયા આવેલી છે. અમદાવાદ અને ગાંધીનગર ટવીન સિટી હોવાથી અમદાવાદથી અપડાઉન કરતા કર્મચારીઓની સંખ્યા વધુ છે ત્યારે અમદાવાદથી અપડાઉન કરતા કર્મચારીઓ માટે એસ.ટી. દ્વારા પોઈન્ટની બસોની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. અમદાવાદનો વિસ્તાર વધવાથી અને નવા નવા વિસ્તારમાં કર્મચારીઓ સ્થળાંતર કરી અન્ય જગ્યાએ સ્થિત થયા છે, તંત્ર દ્વારા વર્ષો જુના રૂટ પર બસો ચલાવવામાં આવે છે.

ત્યારે નવા નરોડા, આદિશ્વરનગર, હરિદર્શન, નરોડા, નિકોલ રોડ, કઠવાડા, બાપાસિતારામ ચોક, વિસ્તારોમાં રહેતા કર્મચારીઓની સંખ્યામાં વધારો થયો છે. આ વિસ્તારમાંથી કર્મચારીને ઓફિસે આવવા માટે ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડે છે. તેમજ ગાંધીનગર આવવા માટે એકની જગ્યાએ દસ-દસ સ્ટેન્ડ કરી આવવું પડે છે.

આ વિસ્તારમાંથી સચિવાલય વિધાનસભા, જીવરાજ મહેતા ભવન, પોલીસ ભવન, ઉદ્યોગભવન, અરણ્ય ભવનમાં ફરજ બજાવતા કર્મચારીઓને અપડાઉન મટે પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જેથી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસિએશન દ્વારા નવી બસ સેવા અંગે નિર્ણય લેવાય તે દરમિયાન ઓઢવ-કૃષ્ણનગરથી પોઈન્ટની ઉપડતી બસોને વાયા બાપા સિતારામ ચોક, મનોહર વિલા, હરિદર્શન ચાર રસ્તા, નરોડા, મુકિતધામ, ગેલેક્ષીથી બસો દોડાવવામાં આવે તો કર્મચારીઓ સમયસર અને મુશ્કેલી વિના અપડાઉન કરી શકે.



આરંગેત્રમ્ - સર્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમીના ઉપક્રમે કુ. ઝરણા ભાવસાર અને કુ. જિલ જોષીનું આરંગેત્રમ્ યોજાયું હતું. બંને દીકરીઓને સાત વર્ષની શાસ્ત્રીય નૃત્ય સાધનાને અંતે પદવી એનાયત કરવામાં આવે છે... આ પદવી પ્રાપ્ત કરતા પહેલા સાત વર્ષની તાલીમનો નિચોડ મંચ પર અભિવ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન ડૉ. કનુભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ સહિત શુભેચ્છકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# મકાનની ફાળવણી ડ્રોનો મામલો વિવાદ જગાવશે

અમદાવાદ, તા.૨૨

ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનની ફાળવણી માટે થયેલા ડ્રો મામલે વિવાદ હજુ ચાલે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડ્રો રદ કરવામાં આવ્યા બાદ મામલો કોર્ટમાં પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ જે લોકોના નંબર લાગ્યા છે તેવા લોકો હાઈકોર્ટમાં જવા પણ વિચારી રહ્યા છે. વકીલો સાથે ચર્ચા વિચારણા કરાઈ રહી હોવાના અહેવાલ મળ્યા છે. આજે હાઉસિંગ બોર્ડના પ્રાંગણમાં બેઠકનું આયોજન કરાયું હતું. સાથે સાથે વિરોધ પ્રદર્શન પણ જારી છે. ડ્રો રદ કરવાના મામલે કેટલાક જુથ આમને સામને આવી ગયા છે. સરકાર ડ્રો રદ કરવાની વાત કરી ચુકી છે. કોંગ્રેસ પાર્ટીના કાર્યકરો પણ આ મુદ્દાને લઈને સરકારને ભીંસમાં લેવાની તૈયારી કરી રહ્યા છે. ગુજરાતના વિધાનસભાના બજેટ સત્રમાં આ મુદ્દો ચગાવાય તેવી પણ શક્યતા છે.

# અડાલજમાં અસામાજિક તત્વોએ બજાર માથે લીધું

## ઉઘરાણીના રૂપિયા ન આપવા માટે ધમાલ કરી : ચારેય શખ્સોની ધરપકડ : છરો અને લાકડીઓ જપ્ત : પોલીસની કામગીરીમાં રૂકાવટ બદલ પણ એક શખ્સ સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૨

ઉઘરાણીના રૂપિયા લેવા માટે અવારનવાર ફોન કરનાર વેપારીને રૂપિયા પરત ન કરવા પડે તે માટે લુખ્ખા તત્વોને લઈ જઈને અડાલજ ગામના બજારમાં જઈ ચાર શખ્સોએ હંગામો મચાવ્યો હતો. છરા અને લાકડીયો લઈને બજાર માથે લઈ રસ્તા બ્લોક કરી દેનાર ચારેય તત્વોને અડાલજ પોલીસે હથિયારો સાથે ઝડપી પાડી તેમના સામે ગુનો નોંધીને ધરપકડ કરી લીધી હતી. આ કાર્યવાહી દરમિયાન રુકાવટ ઉભી કરનાર અમદાવાદના એક શખ્સ સામે પણ પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી લીધી હતી. આજે તમામ આરોપીઓ જામીન પર મુક્ત થયા છે.

મળતી માહિતી મુજબ અડાલજમાં રહેતા વેપારી અશોકભાઈ પટેલે ઝુંડાલ ગામના હિતેશ બચું પટેલને ત્રણેક મહિના પહિલા દુકાનના ફર્નીચરનો સામાન વેચ્યો હતો. રૂ.૧૦ હજારનું ફર્નીચર લઈને હિતેશે રૂ.૨ હજાર આપ્યા અને બાકીના પછી આપશે તેમ વાયદો કર્યો હતો. આ વાતને ત્રણ ત્રણ મહિના થઈ ગયા બાદ પણ તે બાકીના રૂ.૮ હજાર આપવા ન આવતો હોવાથી વેપારીએ ફોન પર ઉઘરાણી કરી હતી. દરમિયાન ગઈ કાલે હિતેશે રૂપિયા આપવા અડાલજ ગામમાં આવું છુ તેમ કહી અશોકભાઈને રબારી વાસના નાકે કિંગ કોર્નર પાન પેલેસ પાસે બોલાવ્યા હતા. અશોકભાઈ ત્યાં સાંજે પહોંચ્યા તો હિતેશ લુખ્ખાઓને લઈને આવ્યો હોવાનું જણાયું હતું. હિતેન્દ્ર ઉર્ફે સોનું કિશોર શેખાવત, પંકજ ગોલા મનાત અને આશિષ જયંતી પટેલ ને લઈને હિતેશ ઉભો

● અનુસંધાન પાન-૭ પર

મંડપ · કેટરીંગ · લાઈટીંગ · ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ચી · રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com